# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA OVERALL

વિધાનસભામાં અંદાજપત્ર સત્રના છેલ્લા દિવસે આજે ગૃહની કાર્યવાહી પ્રશ્નોત્તરી કાળથી શરૂ થઈ હતી. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, પ્રશ્નોત્તરી કાળની બેઠકમાં ઉદ્યોગ, લઘુ અને સુક્ષ્મ ઉદ્યોગ, કુટિર, નાગરિક ઉડ્ડયન, માહિતી અને બાળવિકાસ વિભાગના પ્રશ્નો પર ચર્ચા કરવામાં આવી.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં નિયંત્રક અને મહાલેખા પરીક્ષક- કેગનો અહેવાલ રજૂ કર્યો હતો. દરમિયાન ગૃહમાં ગુજરાત જમીન મહેસુલ સુધારા ખરડા, ગુજરાત ગૌવંશ સંવર્ધન નિયમન ખરડા અને ગુજરાત મત્સ્યોદ્યોગ સુધારા ખરડા અંગે ચર્ચા કરવામાં આવી.

બીજી તરફ, વિધાનસભાના અંતિમ દિવસે વિરોધ પક્ષ દ્વારા ગૃહમાં ગાયને રાજમાતા જાહેર કરવાની માગ કરવામાં આવી હતી. સાથે જ વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા દ્વારા ગાયના સંવર્ધન, સંરક્ષણ અને કલ્યાણ માટે ખાનગી મેમ્બર બિલ રજૂ કરાયું હતું.

. . . . . . . . . . . .

# JAMNAGAR AMUSEMENT PARK

જામનગર મહાનગરપાલિકા દ્વારા લાખોટા તળાવ અને મનોરંજન ઉદ્યાનમાં દોઢ કરોડ રૂપિયાના ખર્ચે સોલાર વૃક્ષ લગાવવામાં આવશે. હાલમાં રણમલ

તળાવમાં 50 કિલોવૉટના ચાર અને મનોરંજન ઉદ્યાનમાં 30 કિલો વૉટના બે સોલાર વૃક્ષ લગાવાયા છે. અહીં એક ગઝીબો લગાવવા માટેની કામગીરી ચાલી રહી છે, જે એપ્રિલ મહિનામાં કાર્યરત્ કરાશે. આ અંગે મહાનગરપાલિકાની લાઈટ શાખાના નાયબ ઈજનેર ઋષભ મહેતાએ માહિતી આપી.

**(બાઈટઃ ઋષભ મહેતા, નાયબ ઈજનેર, લાઈટ શાખા)**

. . . . . . . . . . .

## AMDAVAD ACCIDENT

**અમદાવાદના ચાંદખેડામાં AMTS બસ અને કાર વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, આજે સવારે ચાંદખેડા ગામના AMTS બસ મથક પાસે મુસાફરો બસમાં બેસતા હતા. ત્યારે પૂરઝડપે આવેલી કાર બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.**

**આ ઘટનામાં કારમાં બેઠેલા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે બસમાં બેઠેલી એક બાળકીને ઈજા થતાં તેને હૉસ્પિટલ ખસેડવામાં આવી છે. આ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.**

. . . . . . . . . . . .

## ARVALLI YOG

અરવલ્લી જિલ્લાના મોડાસામાં શ્રી એચ. એલ. પટેલે સરસ્વતી વિદ્યાલયના મેદાનમાં એક દિવસ માટે યોગ શિબિર યોજાઈ, જેમાં મોડાસા નગરપાલિકાના પ્રમુખ સહિતના હોદ્દેદારો જોડાયા હતા. દરમિયાન લોકોને વિવિધ આસનો શિખવવામાં આવ્યા હતા. આ અંગે યોગ કોચ જયેન્દ્ર મકવાણાએ માહિતી આપી.

(બાઈટઃ જયેન્દ્ર મકવાણા, યોગ કોચ)

. . . . . . . . . . . .

# VALSAD TRAIN MP RAJUAAT

વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે દિલ્હીમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને જિલ્લાને રેલવે વિભાગને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી. શ્રી પટેલે વલસાડ, વાપી, ઉદવાડા, પારડી, અતુલ, ડુંગરી જેવા મથકોના વિકાસકાર્યો અંગે તેમ જ અંતરિયાળ વિસ્તારથી આર્થિક ઉપાર્જન માટે દરરોજ અવરજવર કરતા લોકોને વધુ સારી સુવિધા પૂરી પાડવા તેમ જ વલસાડ-બાન્દ્રા ઇન્ટરસિટી ટ્રેનનો ફરી શરૂ કરવા પણ રજૂઆત કરી.

(બાઈટઃ ધવલ પટેલ, સાંસદ)

. . . . . . . . . . . .

# SOMNATH YAGNA

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરમાં આજે ફાગણ માસની માસિક શિવરાત્રિ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરમાં પાઠાત્મક લઘુરુદ્ર, હોમાત્મક લઘુરૂદ્ર અને સોમેશ્વર મહાપૂજા કરવામાં આવી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. મંદિરમાં પ્રતિમાસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રિ એક અનેરું આકર્ષણ છે. મંદિરમાં રાત્રિના સમયે સોમનાથ ખાતે પ્રણાલિકા મુજબ, પારંપરિક જ્યોત પૂજન પણ કરાયું.

. . . . . . . . . . . .